
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, આ વખતે કોરોનામાં ફ્રી અનાજની સ્કીમ લાગુ ક્યારથી થવાની છે....!!

# સેક્ટર-૫ સરકારી દવાખાનામાંથી લોખંડની ચીજવસ્તુઓની ચોરી



ગાંધીનગર,તા.૧૨

શહેરના સેક્ટર-૫ સ્થિત સરકારી દવાખાનામાંથી લોખંડની વિવિધ ચીજવસ્તુઓની ચોરી થવા પામી છે.

બંધ પડેલા સરકારી દવાખાનામાંથી ચોર ઈસમો રાત્રીના સમયે લોખંડી બારીઓ, સીડી, પાવડા, તિકમ સહિત તાંબા-પિતળના વાલની ચોરી કરી પલાયન થઈ ગયા છે.

મળતી વિગત મુજબ શહેરના સેક્ટરના દવાખાના કાર્યરત ન હોવાથી મૃતપાય હાલતમાં છે. જેથી કોઈ તંત્ર તેની સંભાળ લેવા માટે તૈયાર નથી. ત્યારે અવાવરુ જગ્યા સમાન બની ગયેલા સરકારી દવાખાના ચોર શખ્સો માટે મોકળુ મેદાન સમાન છે.

ત્યારે સેક્ટર-૫ ના દવાખાનામાંથી ચોર શખ્સો રાત્રીના સમયે ધાબા પર જવાની લોખંડની સીડી, લોખંડની પાણીની પાઈપો, બારીઓ, ૭ થી વધુ પાવડા અને તિકમ સહિત તાંબા પિતળના મોંઘાદાટ વાલ પણ ચોરી કરી પલાયન થઈ ગયા છે. અત્યાર સુધી કેટલા રૂપીયાની ચોરી થઈ હશે તે જાણી શકાયું નથી. ત્યારે સ્થાનિક રહીશોને જાણ થતા અધિકારીઓને જાણ કરતા સ્થળ પર દોડી આવ્યા હતા અને સરકારી દવાખાનું નિરીક્ષણ કરી પોલીસ કેસ કરવા માટે તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે સરકારી દવાખાનું બંધ હોવાથી સાંજ ઢળતા જ કેટલાક અસામાજીક તત્વોનો અડ્ડો બની જાય છે.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર મનપામાં સરેરાશ રોજના ૫૦૦ જેટલા મિલ્કતધારકો એડવાન્સ મિલ્કતવેરો ભરી રહ્યા છે. ૪ હજારથી વધુ મિલ્કતધારકોએ મિલ્કતવેરો એડવાન્સ ભરી દીધો હોવાનું જાણવા મળેલ છે.

●ગાંધીનગર મનપાના મેયરે આજે ઝોન કચેરીઓની મુલાકાત લીધી હતી.

●તલાટી સંવર્ગની બાદ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પણ વિવિધ સંવર્ગોની પરીક્ષાના આયોજન કરવામાં આવી રહ્યા છે.

●ગાંધીનગર શહેરમાં કોરોના પ્રિકોશન ડોઝના આજે પાંચ લાભાર્થીએ લાભ લીધો છે.

●ગાંધીનગર શહેરમાં સેક્ટરોમાં બસોની સુવિધા ઓછી થતાં નગરજનોની પરેશાની વધી છે.

●સે. ૨ માં ૫ વર્ષના બાળકને મહિલા માર મારી માતાને ધમકી આપતાં ફરિયાદ નોંધાઈ છે.

●માણસાના બતપુરા ગામે ૪.૫૦ લાખથી વધુની ઘરફોડ ચોરીની ઘટના નોંધાઈ છે.

●ગાંધીનગરના વલાદ ગામે પાંચ ઈસમો જુગાર રમતા ઝડપાયા.

●ગાંધીનગરમાં પોલીસે બે યુવાનને મોબાઈલમાં સટ્ટો રમતા ઝડપી લીધા છે.

●ગાંધીનગર ડેપોમાં બાંકડા પર સુઈ રહેલા યુવાનનો મોબાઈલ ગઠિયો લઈ રફુચક્કર થયો.

●આદિવાડા ગામે પોલીસે એક મહિલાને ભારતીય વિદેશી દારૂ તથા બિયર સાથે ઝડપી લીધી છે.

●બાલવા ચોકડી નજીક શિક્ષિકાની એક્ટીવાને ગાડીચાલકે ટક્કર મારતાં અકસ્માત થયો હતો.

●કલોલના રકનપુર ગામે સામાન્ય બાબતે બે શખ્સોએ એક ગાર્ડને માર મારી ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

●જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં પેયજળની માંગમાં વધારો થવા પામ્યો છે.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના ૧૫૦૦ જેટલા સેમ્પલો મેળવી અને પરીક્ષણ માટે મોકલવામાં આવે છે.

●નાગરિક બેંક તરફથી સિનીયર ઓફિસર એન.એન. પટેલ વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.

●ગાંધીનગર જિલ્લામાં વધતા જતા દબાણોએ ગંભીર સમસ્યાનું રૂપ ધારણ કર્યુ છે.

●ગાંધીનગરમાં કર્મયોગી સંકુલમાં ગંદકીના થર જામ્યા છે.

## સરગાસણ ચોકડી પાસે ઓનલાઈન સટ્ટો રમતા બે સટ્ટોડીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

સરગાસણ ચોકડી પ્રમુખ ટેન્જેન કોમ્પ્લેક્ષ પાસે ઓલ પેનલ ડોટ કોમ પર આઈડી અને પાસવર્ડ લોગઈન કરી દિલ્લી કેપીટલ અને મુંબઈ ઈન્ડીયન્સ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા બે બુકી ઝડપાયા છે. એલસીબી-૨ પોલીસે બુકીઓ પાસેથી બે મોબાઈલ ફોન અને અંગજડતી દરમિયાન રોકડ રૂપીયા મળી કુલ રૂ.૨૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. આઈપીએલની ૨૦-૨૦ મેચમાં હારજીતનો સટ્ટો રમાય છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ ચોકડી પાસે આવેલા પ્રમુખ ટેન્જેન કોમ્પ્લેક્ષ આગળ બે શખ્સો આઈપીએલ મેચ પર ઓનલાઈન સટ્ટો રમે છે તેવી બાતમી એલસીબી-૨ ને મળી હતી. જેથી પોલીસે બાતમીને આધારે મોબાઈલ ફોનમાં સ્ક્રીન ચાલુ હાલતમાં કંઈક કરતા હોવાનું તે શખ્સોને કોર્ડન કરી પોલીસે નામ પુછતા જયદીપ ઉર્ફે જીનલ નરેશ ઠાકર (ઉં-૩૨, મકાન નં.૧૯ સોમનાથ સોસાયટી દહેગામ) અને શીવાંગ ઉર્ફે કિશન વિનોદભાઈ ઠાકર (ઉં.૨૫ ધંધો-વેપાર રહે નટુભાઈની ચાલીમાં દહેગામ) દિલ્લી કેપીટલ અને મુંબઈ ઈન્ડીયન્સ મેચ પર સટ્ટો રમતા પોલીસના હાથે ઝડપાયા હતા. પોલીસે બે સટ્ટોડીયાઓ પાસેથી બે મોબાઈલ અને રોકડા રૂપીયા મળી કુલ રૂ.૨૦,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# એસટી ડેપોમાંથી ભરૂચના કંડકટરના મોબાઈલની ચોરી

**કંડક્ટર અમદાવાદ એન્જીનિયરીંગની પરિક્ષા આપવા આવ્યો હતો, ત્યારે ગાંધીનગરમાં ડેપોમાં બાંકડા પર સુઈ જતા મોબાઈલ ચોરાયો**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એસ.ટી.ડેપોમાં પાર્સલ ઓફિસની સામે બાંકડા પર સુઈ રહેલા યુવકનો રૂ.૧૫ હજારની કિંમતના મોબાઈલની ચોરી થવા પામી છે. ભરૂચ થી યુવક અમદાવાદ એન્જીનિયરીંગની પરિક્ષા આપવા માટે આવ્યો હતો.

ત્યારે યુવક સુરત માણસા બસમાં રાત્રે બે વાગે ગાંધીનગર પહોંચ્યો હતો.

જયારે મોબાઈલ ચોરી અંગે યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ બેચરાજી તાલુકાના વિજાપુરડા ગામના વતની અને હાલ ભરૂચ વિશ્રમ કોમ્પ્લેક્ષ ખાતે ભાવિક રામભાઈ પટેલ મિત્રો સાથે ભાડે થી રહે છે. તેઓ ભરૂચ ખાતે કંડકટર તરીકે ફરજ બજાવે છે.

જયારે તાજેતરમાં સેમસંગનો મોબાઈલ ફોનની ખરીદી કરી હતી.

ગત તા. ૨ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે આસીસ્ટન્ટ એન્જીનિયરનું પેપર આપવાનું હોવાથી ભાવિક ભરૂચ થી માણસા ની બસમાં બેસી ગાંધીનગર એસટી ડેપો ખાતે રાત્રીના આશરે બે વાગે ઉતર્યો હતો.

ગાંધીનગર ડેપો ખાતે પાર્સલની ઓફિસની સામે બાંકડા પર અમદાવાદની બસની રાહ જોઈ રહ્યા હતા.તે સમયે બાંકડા પર બેઠા બેઠા નીંદર આવી જતા યુવક સુઈ ગયો હતો.

જયારે રાત્રીના અઢી વાગે ઉઠીને જોયુ તો મોબાઈલની ચોરી થઈ ગઈ હતી.

ત્યારબાદ યુવકને પેપર હોવાથી અમદાવાદ જતો રહ્યો હતો અને ત્યાંથી ભરૂચ જવા માટે રવાના થઈ ગયો હતો. મોબાઈલ ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# સમર્પણ કોલેજમાંથી એક સાથે ૯ વિદ્યાર્થીઓના મોબાઈલની ચોરી

ગાંધીનગર,તા.૧૨

શહેરની સેકટર-૨૮ સ્થિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ચાલી રહેલી પરિક્ષા દરમિયાન વિદ્યાર્થીઓના લોબીમાં મુકવામાં આવેલ બેગમાંથી ૯ વિદ્યાર્થીઓના ફોનની ચોરી થયા છે.

વિદ્યાર્થીઓના એક સાથે આટલી મોટીસંખ્યામાં મોબાઈલ ચોરી થતા કોલેજ તંત્ર પણ ચોકીં ઉઠ્યું છે. જયારે સમર્પણ કોલેજના વાઈસ પ્રિન્સીપાલે રૂ.૫૩ હજારના મોબાઈલ ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરની સેકટર-૨૮ ખાતે આવેલી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વાઈસ પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવતા ડો.રસીક જીવનલાલ તન્ના ફરજ બજાવે છે. ગત તા.૧૦ના રોજ કોલેજમાં પ્રથમ વર્ષ કોમર્સ માં સેમેસ્ટર-૨ ના એસ.પી.સી.સી. વિષયની પરિક્ષા બપોરે ૧૨ થી ૧.૩૦ દરમિયન કોલેજના રૂમ નં.૧૦૧, ૧૦૭ અને ૧૦૯ ખાતે યોજાઈ હતી.

આ ત્રણ રૂમમાં વિદ્યાર્થીઓ પરિક્ષા આપવા માટે બેઠા હતા. તેઓની પાસે રહેલ બેગ કોલેજની લોબીમાં કોલેજ તંત્ર દ્વારા મુકાવામાં આવી હતી. જયારે કેટલાક વિદ્યાર્થીના પેપર વહેલા પુરા થઈ જતા ૧૦૧ રૂમની બહાર રાખેલી બેગમાં ચેક કરતા મોબાઈલ ગાયબ હતા. જેથી વિદ્યાર્થીઓએ મોબાઈલ ચોરી અંગે કોલેજ તંત્રને ફરીયાદ કરી હતી. જયારે જે વિદ્યાર્થીના મોબાઈલ ચોરી થયા છે તેમાં ચાંદખેડાનો ચંદનકુમાર રાઠોડ, પ્રાંતિજનો જયેન્દ્ર જયંતિભાઈ પરમાર, કલોલનો પરિમલ પુરૂષોતમ પરમાર, દર્શિલ સંજય દરજી, મગોડીના દિવ્યરાજસિંહ જીતેન્દ્રસિંહ જાડેજા, અને સરગાસણ રહેતા હર્ષિલ ધર્મેશભાઈ દેસાઈ, પેથાપુર શ્રીનાથ સોસાયટી ખાતે રહેતા પ્રિયવંજસિંહ રણજીતસિંહ બારડ, પાલજના મિતરાજસિંહ ઘનશ્યામસિંહ બિહોલા અને ક્રિષરાજસિંહ જીતેન્દ્રસિંહ વાઘેલા સેકટર-૨૭ નો સમાવેશ થાય છે. પરંતુ કોલેજમાંથી એક સાથે પરિક્ષા આપવા આવેલા ૯ વિદ્યાર્થીઓનો મોબાઈલની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે.

## વલાદ રાવળવાસ પાસેથી પાંચ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના વલાદ ગામના રાવળ વાસ ખાતે કાચા છાપરાની આગળ ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે બાજી માંડીને બેઠેલા પાંચ જુગારીઓને પોલીસે રૂ.૧૧ હજારથી વધુનો મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારધારાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન વલાદ આઉટ પોસ્ટ પાસે પહોંચતા બાતમી મળી હતી કે વલાદ ગામના રાવળ વાસ ખાતે કાચા છાપરા પાસે ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે બાજી માંડી બેઠેલા જુગારીઓમાં પોલીસે રંગમાં ભંગ પાડ્યો હતો. પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જયારે પોલીસે તમામને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓને તેમના નામ પુછતા ગામના કુંભાર વાસ ખાતે રહેતા ૨૮ વર્ષિય મનોજ દશરથભાઈ પ્રજાપતિ, ગામમાં રહેતા ૩૦ વર્ષિય કરણ નવઘણદાસ લુહારીયા, ૨૩ વર્ષિય નિતિન પ્રવિણ રાવળ, વાલીયાવાસના કનુજી ગાભાજી મકવાણા અને રાવળવાસ ખાતે રહેતો ૨૦ વર્ષિય મેહુલ કનુભાઈ રાવળનો સમાવેશ થાય છે. પોલીસને દાવ પરથી રોકડા રૂ.૧૫૦૦ તેમજ અંગજડતી દરમિયાન રોકડા રૂ.૯૬૩૦ મળી કુલ રૂ.૧૧,૧૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## મનપાની વિવિધ કચેરીઓની આકસ્મિક મુલાકાત લેતા મેયર હિતેશભાઈ મકવાણા



ગાંધીનગર, તા. ૧૧

આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સાહેબે મધ્ય ઝોન, દક્ષિણ ઝોનની જન્મ-મરણ શાખા, વેરા વિભાગ, આયુષ્યમાન યોજના વિભાગ સંબંધિત કચેરીઓની અચાનક મુલાકાત લીધી હતી. જેમાં મેયરશ્રી એ અરજદારોની રજૂઆતો સાંભળીને સંવાદ કર્યો હતો. આ દરમ્યાન મેયરશ્રી એ અરજદારોને કોઈપણ પ્રકારની હાલાકી ના ભોગવવી પડે તેમજ કામ સરળતાથી અને ઝડપથી થાય તે માટે કચેરીઓના અધિકારી તેમજ કર્મચારીઓને કડક શબ્દોમાં સૂચના આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ખૂબ સક્રિય રહીને ગાંધીનગરના વિકાસ માટે સતત કાર્યરત રહીને પ્રજાલક્ષી નિર્ણયો લેતા હોય છે તેમજ પ્રજાના પ્રશ્નો સાંભળીને તેનું તાત્કાલિક નિવારણ લાવતા હોય છે.

## સેકટર-૨માં દડો લેવા જતા બાળકને પાડોશીએ માર માર્યો

ગાંધીનગર, તા.૧૨

શહેરમાં વેકેશનનો માહોલની શરુઆત થઈ ગઈ છે. શહેરમાં બાળકો વિવિધ રમતો રમતા નજરે પડે છે.

ત્યારે આજે સવારને ઘરમાં રમી રહેલા દડો બાજુના ઘરમાં પડી જતા લેવા ગયેલા નાનકડા દિકરાને પાડોશી મહિલાએ માર માર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જો કે બંન્ને પરિવારો વચ્ચે માથાકુટ લાંબી થતા સમગ્ર મામલો પોલીસે મથકે પહોંચ્યો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના શહેરના સેકટર-૨ માં પણ અજીબોગરીબ ઘટના સામે આવી છે.

સવારના દશ વાગ્યાના અરસામાં પોતાના ઘરે રમતા બાળકનો દડો અચાનક બાજુના ઘરની કંમ્પાઉન્ડ વોલમાં ગયો હતો.

જેથી દડો લેવા જતા નાનકડા પાંચ વર્ષના દિકરાને મહિલા પાડોશીએ માર મારી ધક્કો મારતા તે નીચે પડી જતા જોર જોરથી રડતા તેના મમ્મી આવી ગયા હતા. તેઓએ દિકરાને માર મારવા અંગે પુછપરછ કરતા સામે મહિલા ઉશ્કેરાઈ જઈને ગાળો બોલી રહ્યા હતા. જયારે મહિલાનું ઉપરાણુ લઈ તેણીનો ભાઈ આવીને ગાળો બોલી હતી.

તેઓએ હવે તમારો દિકરો અમારા કંમ્પાઉન્ડમાં આવશે તો દિકરાને અને તમને બંન્ને જાનથી મારી નાંખશું. જયારે સવારના સમયે થયેલા ઝઘડાને પગલે સ્થાનિક વસાહતીઓ દોડી આવતા તેઓએ બંને પરિવારને શાંત પાડ્યા હતા.

## રાજય સરકારના ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ 'સ્વાગત'ને એપ્રિલમાં ૨૦ વર્ષ પૂર્ણ


**ગાંધીનગર જિલ્લામાં એપ્રિલ માસના ચોથા સપ્તાહની ' સ્વાગત સપ્તાહ' તરીકે ઉજવણી કરાશે**



ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળ ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ ' સ્વાગત' ની શરૂઆત તા. ૨૪મી એપ્રિલ, ૨૦૦૩ના રોજ કરવામાં આવી હતી. આ એપ્રિલમાં કાર્યક્રમને ૨૦ વર્ષ પુર્ણ થાય છે. જે નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં એપ્રિલ માસના ચોથા સપ્તાહને ' સ્વાગત સપ્તાહ' તરીકે ઉજવણી કરવામાં આવશે. ગ્રામ્ય સ્તરથી જિલ્લા કક્ષા સુધી સ્વાગત કાર્યક્રમ અંતર્ગત લોક પ્રશ્નોનાં નિરાકરણ માટે વહીવટી તંત્ર પ્રતિબધ્ધ છે. સ્વાગત સપ્તાહની ઉજવણી અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ કાર્યક્રમ યોજવામાં આવશે. રાજય સરકારના લોકાભિમુખ વહીવટથી જિલ્લાના નાગરિકોને મહત્મ લાભ થાય તેવા ઉમદા આશયથી સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં એપ્રિલ માસના છેલ્લા સપ્તાહને સ્વાગત સપ્તાહ તરીકે ઉજવવામાં આવનાર છે. આ કાર્યક્રમનું સુચારું આયોજન જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. સ્વાગત સપ્તાહની ઉજવણી અંતર્ગત તા. ૧૧ થી ૨૯ એપ્રિલ સુધી અવેરનેશ કાર્યક્રમ તેમજ ગ્રામ સ્વાગત, તાલુકા સ્વાગત અને જિલ્લા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. જેમાં તા. ૧૧ થી ૧૭મી એપ્રિલ દરમ્યાન ગ્રામ સ્વાગત માટેના પ્રશ્નો સ્વીકારવા માટેના કેમ્પનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ તાલુકાના જિલ્લા પંચાયતની સીટના મોટા ગામમાં યોજવામાં આવશે.

## અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી અડાલજ ખાતે "Popular lecture series"નું આયોજન




ગાંધીનગર, તા. ૧૧

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટ્યુટ અડાલજ ખાતે "Popular lecture series'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. સૌરભ જૈનના કોઓર્ડિનેશન હેઠળ ડૉ. ઉમા ચંદ્રન, ડૉ. નાગેન્દ્ર સિંઘ ચૌહાન તથા ડૉ. સૌરભ જેને વક્તવ્ય આપ્યા હતા. આ વક્તવ્યોમાં **Herbal drug research with Special refrence to Phytopharmaceaticals, Edible transgenic vaccines for different diseases** જેવા વિષયો પર ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. આ સેશનમાં ૪૦૦થી વધારે શ્રોતાઓએ હાજરી આપી હતી.

## તાલુકા એસબીસીસી ટીમ દ્વારા મમતા દિવસમાં સગર્ભા અને ધાત્રી માતાઓને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું



આજ રોજ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના વીરા તલાવડી સેન્ટર ખાતે મમતા સેશન માં તાલુકા એસબીસીસી મેમ્બર કપિલાબેન પટેલ દ્વારા સેશનમાં હાજર સગર્ભા અને ધાત્રી માતાઓને આર્યન ,કેલ્શિયમ ગોળી અને બાળકોને આર્યન શીરપ તેમજ સામાજિક વ્યવહાર પરિવર્તન દ્વારા તમાકુ ના વ્યસન રોકવા વિશેની માહિતી આપવામાં આવી.